જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૧/૦૯/૨૦૨૩   સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નરોડા પો.સ્ટે. વિસ્તારમાં આવેલ સરદાર પટેલ રિંગ રોડ ઉપર કરાઈ ચાર રસ્તા ખાતેથી રિનોલ્ટ ડસ્ટર કાર માંથી ઉચી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો નંગ-૧૯૨ કિ.રૂ.૨,૬૧,૨૪૦/- મળી કુલ્લે રુપિયા ૭,૭૫,૧૪૦/ ના મુદામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેક્ટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૧૦.૦૯.૨૩ ના રોજ રાત્રે  સ્ટાફના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી, મ.સ.ઈ. જગદેવસિહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ ૪૮૯૯, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.હે.કો. ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૪૮૯૭, અ.હે.કો. વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦ અ.પો.કો. પ્રવીણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧,અ.પો.કો.જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે નરોડા સરદાર પટેલ રિંગરોડ ઉપર કરાઈ ચાર રસ્તા ખાતેથી રિનોલ્ટ ડસ્ટર કાર નંબર GJ-18-BC-7031 મા વિદેશીદારુ ની બોટલો નંગ ૧૯૨ કિ.રૂ.૨,૬૧,૨૪૦ /- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૭,૭૫,૧૪૦/-ના મુદામાલ સાથે બે આરોપીઓને પકડી લઈ તેમની તેમજ અન્ય વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નરોડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૫૨૩૧૬૦૩/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧, ૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**નોંધ:** આ કામે પકડાયેલ આરોપીઓ છેલ્લા ઘણા સમયથી હરીયાણા ખાતે જઈ ત્યાંથી વિદેશીદારુના ઠેકા ઉપરથી વિદેશીદારુ લઈ કારમાં બનાવેલ ગુપ્ત ખાનાઓમા દારુ ભરી સદર કારમાં પેસેન્જરો બેસાડી વિદેશી દારુની હેરફેર કરતા હતા.

**પકડાયેલ આરોપી :** (૧) જનવેદસિહ સુદર્શનસિહ ચૌહાણ રહે.સી/૪૦૧ શ્રી હરી બ્લેસીગ, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા અમદાવાદ તથા એ/૧૦૧, આવલી સિગ્નેચર, મણીરાજ પાર્ટી પ્લોટ સામે, મોટેરા સાબરમતી, અમદાવાદ મુળ વતન ગામ- કેશોપુર, થાણા કિશની જિલ્લો- મૈનપુરી ઉતરપ્રદેશ (૨) શંકરસીંગ ગૌતમસીંગ રાજપુત રહે.ડી/૧૬ ધરતીનગર ઉમાભવાની બસ સ્ટેન્ડ પાસે ચાંદખેડા અમદાવાદ મુળ વતન ગામ-અદવાસ, તહેસીલ- સરાડા જીલ્લો- ઉદયપુર રાજસ્થાન

**વોન્ટેડ આરોપીઓ :** (૧) ભુરો રહેવાસી: મોરબી (૨) યશપાલ ઝાલા @ રાણા રહે. ગામ- રંગપર મોરબી

ગુનાની જગ્યા :  નરોડા સરદાર પટેલ રિંગરોડ ઉપર કરાઈ ચાર રસ્તા ખાતેથી જાહેરમાં

**પકડાયેલ મુદામાલ :** (૧) ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશી દારુની બોટલો નંગ ૧૯૨ કિ.રૂ.૨,૬૧,૨૪૦/-(૨) રોકડા નાણા ૨૯૦૦ (૩) મો.ફોન નંગ ૩ કિ.રૂ.૧૧,૦૦૦/- (૪) આર.સી.બુક નંગ-૧ કિ.૦૦ (૪) મોબાઈલ ફોન નંગ-3 કિ.રૂ.૧૧,૦૦૦/- (૫) રિનોલ્ટ ડસ્ટર કાર નંબર GJ-18-BC-7031 કિ.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે રુપિયા રુપિયા ૭,૭૫,૧૪૦/ ની મત્તાનો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૧/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૩૭૬ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૮ બિયર ટીન, ૦૨ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૨/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૩/૨૦૨૩**

**ઇસનપુરઃ** ગાયત્રીબહેન વા/ઓ નિલેશભાઇ શાહ (ઉ.વ.૬૦)(રહે.અશોક ટેનામેન્ટ, પવિત્રનગર સોસાયટીની બાજુમાં, ઘોડાસર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૩ રાતના ૮/૩0 વાગ્યાના સુમારે પોતાના ઘરના હોલ રૂમમાં રોડ સાઇડની બારી પાસે બેસેલ હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ ગાયત્રીબહેન બેઠા હતા તે હોલરૂમની બારીમાં હાથ નાંખી, ગાયત્રીબહેનના ગળામાં પહેરેલ સોનાનુ પેન્ડલ સાથેનુ ડોકીયુ કિંમત રૂપિયા ૪૮,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

**મણીનગરઃ** હર્ષભાઇ હિતેષભાઇ દેસાઇ(ઉ.વ.૩૦)(રહે.અમર સોસયટી સિદ્ધી વિનાયક હોસ્પીટલ પાસે કાંકરીયા રોડ, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૦૯/૨૦૨૩ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે મણીનગર સુતરીયા એપાર્ટમેન્ટ સુતરીયા કોલોની રતન હોસ્પીટલ પાસે ગોરધનવાડીનો ટેકરો ખાતે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ હર્ષભાઇના ગળામાં પહેરેલ સોનાની રૂદ્રાક્ષના મણકા સાથેની અડધી સોનાની ચેઇનનો ટુકડો કિંમત રૂપિયા ૪૧,૧૦૨/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૪/૨૦૨૩**

**ચાંદખેડાઃ** સાવન સ/ઓ અશોકકુમાર સીરેસીયા (ઉ.વ.૩૩)(રહે.દેવપ્રીય બંગલોઝ વિભાગ-૧ મોટેરા ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૩ બપોરના ૧૨/૩0 થી તા.૧૦/૦૯/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાના દાગીના અને ચાંદીનો સરસામાન મળી રૂપિયા ૪,૦૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૪,૪૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૮,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૫/૨૦૨૩**

**સરદારનગરઃ** સુરેશભાઇ સ/ઓ ભકતોમલ સિધવાણી (ઉ.વ.૪૦)(રહે.ન્યુ મહારાજા બંગ્લોઝ માયા સિનેમા રોડ કુબેરનગર સરદારનગર) એ તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૯/૨૦૨૩ રાતના ૮/૦૦ થી ૮/૧૦ વાગ્યા દરમ્યાન કુબેરનગર આઇ.ટી.આઇ સત્કાર સ્ટેટસ કિરાણા સ્ટોર આગળ રોડ ઉપર પાર્ક કરેલ પોતાની એકટીવાની ડેકીમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઇ હતી. જે બેગમા ૧,૫૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો મુકેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ચૌધરી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૬/૨૦૨૩**

**ગાયકવાડ હવેલીઃ** વિનોદભાઇ સ/ઓ નાથાભાઇ વીરાણી (ઉ.વ.૫૦)(રહે.ગામ-ખીજડીયા(ખારી), તાલુકોઃ અમરેલી, જિલ્લોઃ અમરેલી) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૩ રાતના ૧૧/૪૫ થી તા.૧૦/૦૯/૨૦૩ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન જમાલપુર એ.એમ.ટી.એસ સ્ટાફ ક્વાર્ટસના ઝાંપા પાસે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની ઇકો ગાડી નંબર જીજે.૧૪.એએ.૭૦૭૬ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૭/૨૦૨૩**

**ખોખરાઃ** રમેશ ઉમેદભાઇ વાઘેલા (ઉ.વ.૩૦)(રહે.ઇશ્વરભુવાજીની ચાલી, દિપ્તી ગેસ ગોડાઉન સામે ભાઇપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૯/૨૦૨૩ રાતના ૨૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વીડજા ચલાવે છે.

**ખોખરાઃ** મમતા પ્રેમશંકર રાજપુત (ઉ.વ.૩૨)(રહે.આરતીનગર વિભાગ-૧ ભાઇપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૯/૨૦૨૩ સવારના ૧૧/૩૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એ.વાય.પટેલ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** આર્યન અલ્પેશકુમાર પંચાલ (ઉ.વ.૧૫)(રહે.સિલ્વર પેલેસ એપાર્ટમેન્ટ પંજાબ નેશનલ બેંકની બાજુમાં બાપા સીતારામ ચોક નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૩ રાતના ૮/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પોસઇ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી